BUSINESS મિત્ર

ક્રુડ ઓઇલના ભાવમાં ભડકો થતાં શેરબજાર લોહીલુહાણ: રોકાણકારોના ૪.૫ લાખ રૂપિયા સ્વાહા

સેન્સેક્સમાં 1352 પોઈન્ટનો પ્રચંડ કડાકો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 9: સપ્તાહની શરૂઆત થતાંની સાથે સૌથી ચિંતાજનક બાબત કહી શકાય તે ક્રુડ ઓઈલના ભાવ ઉછળીને 100ને પાર નીકળી ગયા હતા, જે આજે વધીને 117 ડોલર સુધી પહોંચી જતાં વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેરબજારમાં ભારે ઘટાડા સાથે ખુલ્યું હતું. જેમાં સેન્સેક્સ 1352 પોઈન્ટ સુધીનો કડાકો બોલાયો હતો, જ્યારે રોકાણકારોના રૂ. 8.5 લાખ રોડના સ્વાહા થઈ ગયા હતા.

ક્રુડ ઓઈલના ભઆવમાં તીવ્ર વધારા અને મધ્ય પુર્વમાં વધતા ભૌગોલિક રાજકીય તણાવથી રોકાણકારો ચિંતિત હતા. શ્વિક બજારોના નબળા સંકેતો અ રૂપિયો નવી નીચી સપાટીએ પોહંચવાથી પણ રોકાણકારોનું સેન્ટિમેન્ટ નબળું પડ્યું છે. જેના કારણે આજે બજારમાં ભારે વેચવાલી જોવા મળી હતી. જોકે, બાદમાં નીચા સ્તરે ખરીદીને કારણે છેલ્લા કલાકમાં બજારમાં થોડી રીકવરી જોવા મળી હતી.

સેકટરવાઈઝ જોઈએ તો ઓટો, કેપિટલ ગુડઝ, કન્ઝયુમર ડયુરેબલ્સ, મેટલ્સ, પીએસયુ બેન્ક, ઓઈલ એન્ડ ગેસ અને પ્રાઈવેટ બેન્ક શેરોમાં 2થી 4 ટકાનો ઘટાડો થયો છે. નિફ્ટી મેટલ અને સ્મોલકેપ ઈન્ડેક્સ પણ બે ટકા જેટલો ઘટ્યો હતો. આજરોજ બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ તૂટીને રૂ. 441.19 લાખ કરોડ પર પહોંચી ગયું હતું, જે અગાઉ રૂ. 449.68 લાખ કરોડ હતું. આમ, રૂ. 8.49 લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે, એટલે કે રોકાણકારોને નુકશાન થયું છે.

બીએસઈ સેન્સેક્સ 1352.74 પોઈન્ટ એટલે કે 1.71 ટકા તૂટીને 78000ની સપાટી તોડીને 77566.16 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77711 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77000 પોઈન્ટની સપાટી તોડીને 76424 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 422.40 પોઈન્ટ એટલે કે 1.73 ટકા તૂટીને 24028.05ના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટીએ 24000 પોઈન્ટની સપાટી તોડીને 23697વ પોઈન્ટ સુધી ઘટી હતી, પણ છેલ્લે 24000 પોઈન્ટ પર ટકી હતી. આજે ઈન્ટ્રાડેમાં ઉંચામાં 24078 પોઈન્ટ સુધી ઉછળી હતી. બેન્ક નિફ્ટી 1763.45 પોઈન્ટ એટલે કે 3.05 ટકા ઘટીને 56019.80 પોઈન્ટ પર બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં બેન્ક નિફ્ટી 56000 પોઈન્ટ તૂટીને 55270 પોઈન્ટ સુધી ઘટી હતી.

બીએસઈ ખાતે શીલા ફોમ 6.43 ગણા, જયુપીટર વેગન્સ 3.49 ગણા, સીરમા એસજીએસ ટેકનો 3.33 ગણા, શોભા લી. 3.28 ગણા, ગ્લેક્સો 3.16 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે સોનાટા સોફ્ટવેર 7.98 ગણા, એમ્કયોર ફાર્મા 6.96 ગણા, એસ્ટર ડીએમ હેલ્થકેર 4.42 ગણા, પીજી ઈલેક્ટ્રોપ્લાસ્ટ 4.16 ગણા, હેપીએસ્ટ માઈન્ડ 4.03 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં ભારે કડાકો બોલાયો હતો, જાતેજાતમાં વેચવાલી રહી હતી. જેના લીધે બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.98 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 2.48 ટકા તૂટયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ એકદમ નબળું રહ્યું હતું. બીએસઈ ખાતે 994 શેરો વધ્યા હતા, જ્યારે 3354 શેરો ઘટયા હતા, જ્યારે 200 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી રિયલ્ટી ઈન્ડેકસ 2.27 ટકા ઘટ્યા હતા. જેમાં ગોદરેજ પ્રોપર્ટીઝ, શોભા, ફોનીક્સ મીલ્સ, બ્રિગ્રેડ એન્ટરપ્રાઈઝ, પ્રેસ્ટીજ એસ્ટેટ, લોઢા ડેવલપર્સ, ઓબેરોય રિયલ્ટી, ડીએલએફ અને અનંતરાજ ઘટ્યા છે.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર્સ 557 પોઈન્ટ ઘટાડા સાથે ચાલી રહ્યો હતો, જેના પરિણામે આજે અમેરિકન બજારો નબળા ખુલવાના સંસેત આપે છે. ક્રુડ ઓઈલના ભાવ 100 ડોલરને પાર નીકળી જતાં યુરોપિયન અને એશિયન બજારોમાં પણ મોટા કડાકા જોવા મળી રહ્યા છે.

આજરોજ દક્ષિણ કોરિયાના કોસ્પીએ ચાર સેશનમાં તેના બીજા સર્કિટ બ્રેકરને ટ્રીગર કર્યુ હતું. ઈન્ડેકેસ 8 ટકાથી વધુનો ઘટાડો થયો હતો, જેના કારણે ટ્રેડીંગમાં 20 મિનીટનું સસ્પેન્શન શરૂ થયું હતું. હેવીવેઈટ સેમસંગ ઈલેક્ટ્રોનિક્સ 10 ટકાથી વધુ ઘટ્યો હતો, જ્યારે ચિપ સમકક્ષ એસકે હાનિક્સ 11.6 ટકા ઘટ્યો હતો.

આ દરમ્યાન ઈરાનના સરકારી ટીવીએ ખામેનીના પુત્ર મોજતાબા ખામેનીને તેમના ઉત્તરાધિકારી તરીકે નિયુક્ત કરવાની જાહેરાત કર્યા બાદ યુદ્ધમાં નવો વળાંક આવ્યો છે, જેનાથી આ યુદ્ધ લાંબુ ચાલવાની પુરેપુરી શક્યતા દેખાઈ રહી છે અને તેના પગલે આજે વૈશ્વિક બજારોમાં ભારે કડાકો બોલાયો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 1.14 ટકા, કેક 2 ટકા અને ડેક્સ 1.53 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 5.48 ટકા, સ્ટ્રેઈટસ 1.93 ટકા, હેંગસેંગ 1.53 ટકા, તાઈવાન 4.64 ટકા, કોસ્પી 6.34 ટકા, જકાર્તા 3.38 ટકા અને શાંઘાઈ 0.67 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

ક્રુડ ઉછળતા ડોલરમાં મજબૂતાઇ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 9: જીયો પોલીટીકલ ટેન્શનના પગલે ક્રુડમાં જબરજસ્ત ઉછાળો આવ્યો હતો અને તેના લીધે કરન્સી બજારમાં ડોલરમાં મજબૂતાઇ જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો 58 પૈસા ઘટીને 92.34ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 91.76ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 107.36, પાઉન્ડ 123.10, કેનેડિયન ડોલર 67.88, ઓસ્ટ્રેલિયન ડોલર 64.62, સીંગાપોર ડોલર 72.13ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર	
ડોલર	92.33 રૂ.
યુરો	107.36 રૂ.
પાઉન્ડ	123.10 રૂ.
યેન	0.5829 રૂ.

સેન્સેક્સ	-1352.74	77566.16
નિફ્ટી	-422.40	24028.05
બેન્ક નિફ્ટી	-1763.45	56019.80

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
વિપ્રો	1.71	198.75
રિલાયન્સ	1.37	1424.00
અપોલો હોસ્પિટલ	0.71	7779.00
ઇન્ફોસીસ	0.50	1315.00
સન ફાર્મા	0.44	1807.40

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટીએમપીવી	5.35	332.00
અલ્ટ્રાટેક સિમેન્ટ	5.08	11378.00
આઇશર મોટર	4.65	7266.00
મારૂતિ સુઝુકી	4.60	13508.00
બજાજ ઓટો	4.41	9383.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
રિલાયન્સ ઇન્ડ.	1.37	1424.45
સન ફાર્મા	0.48	1807.60
ઇન્ફોસીસ	0.47	1314.35
ટેક મહિન્દ્રા	0.26	1335.50
એચસીએલ ટેકનો	0.13	1358.60

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અલ્ટ્રાટેક સિમેન્ટ	5.23	11360.00
મારૂતિ સુઝુકી	4.68	13487.25
મહિન્દ્રા-મહિન્દ્રા	4.39	3187.25
એસબીઆઇ	3.92	1098.70
ઇન્ટરગ્લોબ એવીએશન	3.83	4236.00

ઈરાન ઈઝરાયેલ ઉપરાંત ગલ્ફના દેશોમાં અમેરિકાના લશ્કરી અડ્ડાઓ પર ત્રાટકી રહ્યું છે

સાઉદી અરેબિયા, બહેરીન, કુવૈત, ઓમાન, સંયુક્ત આરબ અમીરાત, મસ્કત વગેરે ગલ્ફના દેશો પરંપરાગત રીતે અમેરિકાના આશ્રિત રહ્યા છે. અમેરિકા સાથે તેમણે પેટ્રોડોલરના કરાર કર્યા છે, જેના બદલામાં અમેરિકા તેમને સંરક્ષણ આપે છે. ગલ્ફના દેશોને મુખ્ય ડર ઇઝરાયેલનો હતો, જેને કારણે તેમણે અમેરિકા સાથે સંરક્ષણ કરારો કર્યા હતા. આ સંરક્ષણ માટે અમેરિકાએ ગલ્ફના દેશોમાં પોતાનાં લશ્કરી થાણાંની સ્થાપના કરી હતી. આ લશ્કરી થાણાંઓ ગલ્ફના દેશોને સુરક્ષા પ્રદાન કરવાને બદલે તેમની બરબાદીનું કારણ બની ગયાં છે. તાજેતરમાં ઇઝરાયેલે અને અમેરિકાએ ઇરાન પર હુમલો કર્યો તેનો બદલો લેવા ઇરાને તમામ ગલ્ફના દેશો પર મિસાઇલો વડે હુમલાઓ કર્યા છે. આ હુમલાઓમાં તેમને અબજો ડોલરનું નુકસાન થયું છે. જે દુબઇને ગલ્ફનું સૌથી સલામત શહેર અને આર્થિક પાટનગર ગણવામાં આવતું હતું, તેના પર પણ ઇરાને હુમલાઓ કરીને તેની કમ્મર ભાંગી નાખી છે. ગલ્ફના દેશો ઇરાનના આ ઓચિંતા આક્રમણને કારણે એટલા બધા ગભરાઈ ગયા છે કે તેમણે અમેરિકામાં અબજો ડોલરનું રોકાણ કરવાની યોજનાઓ પણ માંડી વાળી છે. ઇરાન દ્વારા ગલ્ફના ખનિજ તેલના કૂવાઓ પર જે રોકેટમારો કરવામાં આવી રહ્યો છે, તેને કારણે પેટ્રોડોલર પણ જોખમમાં આવી ગયો છે.

સાઉદી અરેબિયા, કતાર, સંયુક્ત આરબ અમીરાત (UAE), બહેરીન અને કુવૈત દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, ૨૮ ફેબ્રુઆરીથી ૪ માર્ચ દરમિયાન ખાડી દેશો પર છોડવામાં આવેલી મિસાઇલોની સંખ્યા ૫૫૦ થી વધુ થઈ ગઈ છે. ઓમાને મિસાઇલ અને ડ્રોન હુમલાઓની સંખ્યા જાહેર કરી નથી. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિઆને ગલ્ફ દેશો પરના આ હુમલાઓ બદલ માફી માંગી છે અને વચન આપ્યું છે કે જો તેમની જમીનનો ઉપયોગ ઈરાન પર હુમલો કરવા માટે નહીં થાય, તો ઈરાન પણ તેમના પર હુમલો કરશે નહીં. ગયા વર્ષે ઇઝરાયલ સામેના ૧૨ દિવસના યુદ્ધ કરતાં ચાલુ યુદ્ધ દરમિયાન ઇરાને ગલ્ફના દેશો તરફ વધુ મિસાઇલો છોડી છે. ઈરાનની સંરક્ષણ ક્ષમતાઓમાં બેલિસ્ટિક, ક્રુઝ અને હાઇપરસોનિક મિસાઇલોનો સમાવેશ થાય છે અને તેની પાસે ડ્રોન પણ છે, પરંતુ તેણે તેની વ્યૂહરચના ઇઝરાયલ અને ગલ્ફના દેશો સામે હુમલા કરવા તરફ બદલી નાખી હોય તેવું લાગે છે. ઈરાન પાસે ટૂંકા અને મધ્યમ અંતરની મિસાઈલો છે. ઈરાનની ટૂંકા અંતરની મિસાઈલો 300 થી ૧,૦૦૦ કિલોમીટરની રેન્જ ધરાવે છે. આ મિસાઈલો ગલ્ફ રાજ્યો સહિત ઘણા પડોશી દેશોને તેમની રેન્જમાં લાવે છે. મધ્યમ અંતરની મિસાઇલો એક હજારથી બે હજાર કિલોમીટરની રેન્જ ધરાવે છે અને ઇઝરાયલ સુધી પહોંચી શકે છે. ઈરાનનું સૌથી મહત્ત્વપૂર્ણ શસ્ત્ર બેલિસ્ટિક મિસાઈલ છે, જે ખૂબ ઊંચાઈ સુધી પહોંચી શકે છે અને ત્યાંથી ચાપમાં લક્ષ્યોનો પીછો કરી શકે છે. તેહરાન તેનાં બેલિસ્ટિક મિસાઇલોને દુશ્મનને નુકસાન પહોંચાડવા માટેનું સૌથી શક્તિશાળી હથિયાર માને છે, જે તેની વાયુસેનાનો વિકલ્પ છે. પ્રતિબંધો તેને પરંપરાગત શસ્ત્ર બજારોમાં પ્રવેશતાં અટકાવે છે, જેના કારણે તેની વાયુસેના સંવેદનશીલ બને છે. ક્રુઝ અને હાઇપરસોનિક મિસાઇલો ઓછી ઊંચાઈએ ઊડે છે અને તેમને લક્ષ્યો સુધી પહોંચવા માટે એર પાવર એન્જિનની સહાયની જરૂર પડે છે.

ઈરાન હાલમાં ઇઝરાયલ અને ખાડી દેશો બંને પર મિસાઇલો છોડી રહ્યું છે. આ અગાઉના યુદ્ધથી વિપરીત છે. અગાઉ તેહરાને ફક્ત ખાડીમાં કતારના અલ-ઉદેદ બેઝ પર હુમલો કર્યો હતો. યુદ્ધના પહેલા ચાર દિવસમાં ઈરાને ઇઝરાયલ પર લગભગ ૩૬ વખત મિસાઇલો છોડી હતી. પહેલા દિવસે સૌથી વધુ ૨૦ મિસાઇલો છોડવામાં આવી હતી, જેમાં સરેરાશ બે થી ત્રણ મિસાઇલો છોડવામાં આવી હતી. બીજા દિવસે આ વલણ ઉલટું થયું. બીજા દિવસે દૈનિક મિસાઇલ રાઉન્ડની સંખ્યા ઘટીને ચાર થઈ ગઈ અને ત્રીજા અને ચોથા દિવસે છ થઈ ગઈ. દરમિયાન, દરેક રાઉન્ડમાં ઇઝરાયલ દ્વારા છોડવામાં આવેલી મિસાઇલોની સરેરાશ સંખ્યા બીજા દિવસે વધીને ૯ થી ૩૦ થઈ ગઈ. ઈરાને યુદ્ધની શરૂઆતથી ૪ માર્ચ સુધી ઇઝરાયલ પર ૧૨૮ મિસાઇલો છોડી હતી. ગુરુવાર સવાર સુધી આ હુમલાઓમાં ૧૦ ઇઝરાયલીઓ માર્યા ગયાં હતાં પરંતુ કોઈ સૈનિક ઘાયલ થયો ન હતો. ઈરાને તેણે કેટલી મિસાઈલો છોડી છે તેનો ચોક્કસ આંકડો જાહેર કર્યો નથી, પરંતુ યુદ્ધના પાંચમા દિવસે ગલ્ફ અને ઇઝરાયલમાં અમેરિકન બેઝ પર ૧૭ મિસાઈલો છોડવામાં આવી હતી. ચાલુ અને અગાઉનાં યુદ્ધો દરમિયાન ઇરાને તેના લગભગ અડધા મિસાઇલ લોન્ચ પ્લેટફોર્મ ગુમાવ્યાં છે. આનાથી મિસાઇલ યુનિટ વચ્ચેનું સંકલન નબળું પડ્યું અને તેમને અટકાવવાનું સરળ બન્યું છે. અમેરિકા અને ઇઝરાયલ ગોળીબાર પહેલાં અથવા તે દરમિયાન પ્રક્ષેપણ કરતી ટીમોને નિશાન બનાવી રહ્યાં છે. જ્યારે એ કહેવું અશક્ય છે કે હજુ પણ કેટલાં પ્લેટફોર્મ કાર્યરત છે.

ઈરાને અખાતમાં અમેરિકન બેઝ તરીકે વર્ણવેલાં લક્ષ્યો પર હુમલાઓ વધારી દીધા છે. યુએઈ, બહેરીન, કુવૈત, કતાર અને સાઉદી અરેબિયાનાં સંરક્ષણ મંત્રાલયોના ડેટાના આધારે, ઈરાને ચાર દિવસમાં ખાડી દેશો પર ૫૫૧ મિસાઇલો છોડી છે. આ સંખ્યા પાછલા યુદ્ધ કરતાં વધારે છે, જ્યારે ઈરાને ૧૨ દિવસના સમયગાળામાં ઈઝરાયલ પર આશરે ૫૦૦ મિસાઈલો છોડી હતી. આ દેશોએ ઈરાની હુમલાઓને તેમની સાર્વભૌમત્વ પર અસ્વીકાર્ય હુમલો ગણાવીને નિંદા કરી છે અને દાવો કર્યો છે કે નાગરિક લક્ષ્યોને પણ નિશાન બનાવવામાં આવ્યાં હતાં. બહેરીન, કુવૈત અને યુએઈમાં થયેલા હુમલામાં સાત લોકો માર્યા ગયાં હતાં, જ્યારે ઓમાનના દરિયાકાંઠે તેલના ટેન્કર પર એક વ્યક્તિનું મોત થયું હતું. ખાડી દેશોએ હજુ સુધી ઈરાન સામે કોઈ લશ્કરી કાર્યવાહી કરી નથી પરંતુ તેમણે સંરક્ષણાત્મક પગલાં અને રાજદ્વારી દબાણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

નિકોલસ કાર્લના મતે ગલ્ફ દેશોને નિશાન બનાવવાના નિર્ણયથી ઈરાનને એવાં શસ્ત્રોનો ઉપયોગ કરવાની તક મળી છે જે અગાઉના સંઘર્ષોમાં ઉપયોગ માટે યોગ્ય ન હતાં. ગયા વર્ષે જૂનમાં ઈરાન ફક્ત એવાં શસ્ત્રોનો ઉપયોગ કરી રહ્યું હતું જે ઇઝરાયલ સુધી પહોંચી શકે છે. હવે તે ટૂંકા અંતરની મિસાઇલોનો પણ ઉપયોગ કરી શકે છે, એટલે કે ગયા વર્ષે નકામાં હતાં તે બધાં પ્લેટફોર્મ હવે ઉપયોગી બની ગયાં છે. ઈરાન પણ શાહેદ ડ્રોનનો ઉપયોગ કરવાનું ચાલુ રાખે છે, જેનો અર્થ એ કે તેની પાસે હજુ પણ ઘણી સક્રિય સિસ્ટમો છે. અમેરિકન જનરલ ડીન કેનના જણાવ્યા અનુસાર યુદ્ધના પહેલા દિવસની તુલનામાં ઈરાની બેલિસ્ટિક મિસાઈલ હુમલામાં ૮૬ ટકાનો ઘટાડો થયો છે. ખાડી પર ઈરાનના હુમલાઓમાં મિસાઈલો કરતાં ઘણા વધુ ડ્રોનનો ઉપયોગ થયો છે. ૪ માર્ચની બપોર સુધીમાં, ખાડી દેશો પર ૧,૪૯૩ ડ્રોન અને ૫૫૧ મિસાઈલો છોડવામાં આવી હતી. આ સંખ્યા બાર દિવસના યુદ્ધ દરમિયાન ઈરાને ઈઝરાયલ પર છોડેલા ૧,૧૦૦ ડ્રોન કરતાં વધુ છે. ઈરાનની વ્યૂહરચના કદાચ ગલ્ફ દેશોને પીછેહઠ કરવા દબાણ કરવાની છે, જેથી તેઓ વોશિંગ્ટન અને તેલ અવીવ પર દબાણ વધારી શકે. અમેરિકન જનરલ ડીન કેનના મતે યુદ્ધના પહેલા દિવસની તુલનામાં ઈરાની ડ્રોન હુમલાઓમાં ૭૩ ટકાનો ઘટાડો થયો છે. શક્ય છે કે ઈરાન સ્ટોક બચાવવાનો પ્રયાસ કરી રહ્યું હોય, કારણ કે સતત ઉત્પાદન જાળવી રાખવું મુશ્કેલ બની રહ્યું છે. ઇઝરાયલનો અંદાજ છે કે યુદ્ધ પહેલાં ઇરાન પાસે આશરે ૨,૫૦૦ બેલિસ્ટિક મિસાઇલો હતી. ઇરાન દર મહિને આશરે ૧૦૦ મિસાઇલોનું ઉત્પાદન કરે છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દાવો કરે છે કે અમેરિકા પાસે અમર્યાદિત શસ્ત્રો છે, જ્યારે ઈરાનના સંરક્ષણ મંત્રાલયનું કહેવું છે કે તેમની પાસે અમેરિકાએ જે યોજના બનાવી છે તેના કરતાં વધુ સમય સુધી લડવાની ક્ષમતા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ટુ ધ પોઈન્ટ
સમકિત શાહ

યુએઈ, બહેરીન, કુવૈત, કતાર અને સાઉદી અરેબિયાના સંરક્ષણ મંત્રાલયોના ડેટાના આધારે ઈરાને ચાર દિવસમાં ખાડી દેશો પર ૫૫૧ મિસાઇલો છોડી છે

ચાંદી પ્રતિ કિલો 3,400 તૂટી, સોનાના ભાવ સ્થિર રહ્યા

ચાંદી 1.3 ટકા ઘટીને રૂ. 2,68,300 પ્રતિ કિલોએ પહોંચી

સોનામાં નજીવો વધારો નોંધાયો

સ્પોટ ગોલ્ડમાં 1.26 ટકાનો ઘટાડો નોંધાયો

નવી દિલ્હી, તા. 9 (પીટીઆઈ): વૈશ્વિક બજારોમાં જોવા મળેલી અસ્થિરતા અને મજબૂત અમેરિકી ડોલરના કારણે સોમવારે રાષ્ટ્રીય રાજધાનીમાં ચાંદીના ભાવમાં રૂ. 3,400નો મોટો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે સોનાના ભાવ લગભગ સ્થિર રહ્યા હતા. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ચાંદીના ભાવ સતત ત્રીજા દિવસે ઘટ્યા હતા અને તે 1.3 ટકા ઘટીને રૂ. 2,68,300 પ્રતિ કિલોએ પહોંચ્યા હતા, જે અગાઉ શુક્રવારે રૂ. 2,71,700 પર બંધ થયા હતા.

એચડીએફસી સિક્યોરિટીઝના નિષ્ણાતોના મતે, ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા તીવ્ર વધારાને કારણે ફુગાવો વધવાની ચિંતા ઊભી થઈ છે, જેને પગલે ફેડરલ રિઝર્વ વ્યાજ દરોમાં ઘટાડો કરવામાં વિલંબ કરી શકે છે. આ સ્થિતિએ ડોલરને મજબૂત બનાવ્યો છે, જેની સીધી નકારાત્મક અસર કિંમતી ધાતુઓ પર પડી છે. બીજી બાજુ, 99.9 ટકા શુદ્ધતા ધરાવતું સોનું રૂ. 200ના નજીવા વધારા સાથે રૂ. 1,64,300 પ્રતિ 10 ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યું હતું.

વૈશ્વિક સ્તરે સ્પોટ ગોલ્ડ 1.26 ટકા ઘટીને 5,105.89 ડોલર પ્રતિ ઔંસ અને ચાંદી 0.53 ટકા ઘટીને 83.92 ડોલર પ્રતિ ઔંસ પર રહી હતી. મધ્ય પૂર્વમાંથી સપ્લાયની ચિંતાને કારણે રાતોરાત ક્રૂડ ઓઈલના ભાવમાં 30 ટકાનો ઉછાળો આવતા રોકાણકારોએ માર્જિન કોલ્સ પૂરા કરવા માટે બુલિયન માર્કેટમાં વેચાણ વધાર્યું છે. હવે બજારની નજર અમેરિકાના આગામી આર્થિક આંકડાઓ અને પશ્ચિમ એશિયાની ભૌગોલિક રાજકીય સ્થિતિ પર રહેશે.

ભારતીય અર્થતંત્ર પર 'ત્રિપલ ફટકો'

ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થતા લોજિસ્ટિક્સ, ટ્રાન્સપોર્ટેશન, એવિએશન અને મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોની કિંમતો વધશે

મુંબઇ, તા. 9: ઈરાન સંબંધિત યુદ્ધ અને પશ્ચિમ એશિયામાં વધતા ભૌગોલિક રાજકીય તણાવથી ભારતના નાણાકીય બજારોને ખરાબ રીતે હચમચાવી નાખ્યા છે અને અર્થતંત્ર માટે ખતરાની ઘંટડી વગાડી છે. વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં ભારે વધારાને કારણે, ભારતીય ઈક્વિટી અને કરન્સી માર્કેટમાં સર્વાંગી વેચાણ થયું હતું. આ કટોકટીએ રોકાણકારોને લગભગ 12 લાખ કરોડ રૂપિયા ગળી ગયા છે. અર્થશાસ્ત્રીઓના જણાવ્યા અનુસાર, ભારત હાલમાં ત્રિપલ ફટકાનો સામનો કરી રહ્યું છે, મોંઘા ક્રૂડ ઓઈલ, રૂપિયો ઘટી રહ્યો છે અને શેરબજારમાં ઘટાડો થયો છે.

ભારત તેના 89 ટકાથી વધુ ક્રૂડ ઓઈલની આયાત કરે છે. યુદ્ધ શરૂ થયું ત્યારથી બ્રેન્ટ ક્રૂડમાં 50 ટકાથી વધુનો ઉછાળો આવ્યો છે, જે 117 ડોલર પ્રતિ બેરલની નજીક પહોંચ્યો છે. ભારત માટે સૌથી મોટી ચિંતા હોર્મુઝની સામુદ્રધુની છે, જેમાંથી દરરોજ 26 લાખ બેરલ તેલ પસાર થાય છે. કતારના ઉર્જા પ્રધાને ચેતવણી આપી છે કે જો ખાડી દેશોની ઉર્જા નિકાસને અસર થશે તો તેલના ભાવ 150 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. તેલના ઊંચા ભાવને કારણે ભારતીય આયાતકારો તરફથી ડોલરની ભારે માંગ થઈ છે. રિઝર્વ બેંકની દખલગીરી છતાં ભારે દબાણને કારણે રૂપિયો 92.33 પ્રતિ ડોલરની નવી રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યો હતો. રૂપિયાની આ નબળાઈથી આપણું આયાતનો બોજ તો વધશે જ, સાથે સાથે ચાલુ ખાતાની ખાધ પણ વધશે.

ક્રૂડ ઓઈલના ભાવમાં વધારાથી લોજિસ્ટિક્સ, ટ્રાન્સપોર્ટેશન, એવિએશન અને મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોની કિંમતમાં વધારો થશે. આની સીધી અસર ફુગાવા પર પડશે, કારણ કે નૂરની ઊંચી કિંમતને કારણે, સામાન્ય જરૂરિયાતો મોંઘી થશે. જોકે, નાણામંત્રીએ સોમવારે લોકસભામાં દેશને ખાતરી આપી છે કે ક્રૂડ ઓઈલના ભાવ ભરવાના કારણે દેશમાં તાત્કાલિક મોંઘવારી થવાની કોઈ સંભાવના નથી. બીજી તરફ એનાલિસ્ટ્સ નિફ્ટી કંપનીઓની કમાણીમાં 12 ટકાના વધારાની અપેક્ષા રાખી રહ્યા હતા, તેમનું માનવું છે કે હવે કંપનીઓના માર્જિન ઘટશે અને કમાણી રિકવરી ધીમી પડી શકે છે.

હાલમાં, ભારતના મજબૂત વિદેશી હૂંડિયામણ ભંડાર અને વૈવિધ્યસભર ઊર્જા સ્ત્રોતોએ અર્થતંત્રને કવચ પૂરું પાડ્યું છે. પરંતુ, જો મધ્ય પૂર્વમાં આ યુદ્ધ લાંબું રહેશે તો મોંઘવારી, કોર્પોરેટ કમાણી અને રૂપિયાના મોરચે ભારતીય અર્થવ્યવસ્થાની આકરી કસોટી થશે.

પશ્ચિમ એશિયા સંકટની 'ચિપ' સપ્લાય પર અસર

ઓટો શેરોમાં જોરદાર વેચવાલી

એલપીજી પુરવઠો ઘટતા એસી ઉત્પાદકોને મોટો ફટકો પડી શકે, પીજી ઇલે. 12 ટકા તૂટ્યો

મુંબઇ, તા. 10: શેરબજારમાં પશ્ચિમી એશિયાના તણાવની ગંભીર અસરોની શરૂઆત થઈ ચૂકી છે. જેમાં સૌથી ગરમ ક્રુડ થયું હતું. આની સાથે ચિપ સપ્લાય પર અસર થવાની આશંકાને કારણે ઓટો શેરોમાં ભારે વેચવાલી જોવા મળી હતી.

પશ્ચિમ એશિયાના સંકટને કારણે ચિપ સપ્લાય પર અસર થવાની આશંકાને કારણે ઓટો શેરોમાં મજબૂત વેચાણ જોવા મળ્યું છે. ઓટો શેરોમાં ટાટા મોટર્સ પેસેન્જર, મારુતિ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા 4 ટકાથી વધુ ઘટ્યા છે. તે જ સમયે, બજાજ ઓટો, અશોક લેલેન્ડ, ભારત ફોર્જ, આઈશર અને સંવર્ધન મધરસન પણ 4 ટકાથી વધુ ઘટ્યા છે.

બીજી તરફ, ક્રુડમાં ઉપલા સ્તરથી પ્રોફિટ બુકિંગ આવ્યું છે. બ્રેન્ટની કિંમત 119 ડોલરથી ઘટીને 106 ડોલર થઈ ગઈ છે. પશ્ચિમ એશિયા સંકટ પર વિદેશ મંત્રીએ કહ્યું છે કે સરકાર ઊર્જા સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. સંકટને પહોંચી વળવા માટે દરેક પગલા ભરવામાં આવશે. ક્રૂડના ભાવમાં વધારો અને ડોલરની મજબૂતીના કારણે રૂપિયો રેકોર્ડ નીચી સપાટીએ પહોંચી ગયો છે. ડોલર સામે રૂપિયો 92.33 બોલાઈ ગયો છે.

એલપીજી પુરવઠો ઓછો હોવાને કારણે એસી મેન્યુફેક્ચરિંગ પર પ્રતિકૂળ અસર પડી શકે છે. પીજી ઈલેક્ટ્રોપ્લાસ્ટે જણાવ્યું હતું કે અત્યારે ગેસ કટોકટીની અસરનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. આ શેર 12 ટકાથી વધુનો ઘટાડો કરીને ફ્યુચરનો ટોપ લૂઝર બની ગયો છે. અંબર પણ 5 ટકાથી વધુ લપસી ગયો છે.

મહારાષ્ટ્રમાં નબળા બજાર અને ખેડૂતો માટે લોન માફીની જાહેરાતને કારણે પીએસયુ બેંકોમાં જોરદાર વેચાણ થયું છે. આ સેક્ટર ઈન્ડેક્સમાં લગભગ 5 ટકાનો ઘટાડો થયો છે. આ ઉપરાંત બેંક ઓફ મહારાષ્ટ્ર, પીએનબી અને કેનેરા બેંકમાં 5-6 ટકાનો ઘટાડો થયો છે. એનબીએફસીમાં પણ વેચાણનું મજબૂત દબાણ જોવા મળી રહ્યું છે. ગેપ ડાઉન બાદ બજારમાં કોઈ નોંધપાત્ર ગતિ જોવા મળી નથી, પરંતુ નિફ્ટીમાં નીચલા સ્તરેથી થોડી રિકવરી જોવા મળી છે.

IRFC: 70 હજાર કરોડ રૂ.ના ભંડોળની યોજનાને મંજૂરી

મુંબઈ, તા. 9: આઈઆરએફસીએ જણાવ્યું હતું કે આ નાણાંનો ઉપયોગ ભારતીય રેલવેની ભંડોળની જરૂરિયાતોને પહોંચી વળવા, તેના વૈવિધ્યકરણ કાર્યક્રમ